


# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




હાંસીયામાં છે છતાં ધીરજ ખૂટતી નથી!
'ચોર્યાસી' થ્યાં છતાં વૃદ્ધાવસ્થા ફૂટતી નથી!
તૂટતી ન તૃષ્ણા અડવાણીની ખૂરશીથી -
વડાપદની માયા કોઇથી છૂટતી નથી
(જયલલિતા પણ... પૈણું પૈણું)

બનાવી દીધો!
બોલકા બાળકને -
વર્ગનો વડો!
(આપની સરકાર)

રમાડે દાવ!
રાજીનામા દોરડે -
નટરાજન!
(દીધું કે લીધું?!)




## ચિંતન

*સમ્પત્સુ મહતાં ચિત્તં ભવત્યુ ત્પલકોમલમ્ ।*
*અપત્સુ ચ મહાશૈલ શિલાસંઘાત કર્કશમ્ ॥*

ભતૃહરિ 'નીતિશતક'નો આ શ્લોક, સંત-જ્ઞાની-મહાપુરૂષોનાં તાટસ્થ્ય, વિવેકી સ્વભાવની વાત કરે છે.

'સંતજનો, મહાપુરૂષો (જ્ઞાની-વિદ્વાન પંડિતો) નો સ્વભાવ-એમનું ચિત્ત કમળના જેવું કોમળ હોય છે ગમે તેવી-તેટલી સંપત્તિ હોય છતાં એમનાથી એ કમળ પર જેમ પાણી-કાદવનો સ્પર્શ રહેતો નથી એમ સંપત્તિમાં પણ નિર્લેપ રહે છે.'

..અને આપત્તિ-વિપત્તિઓમાં મહાપુરૂષોનું ચિત્ત અડગ-અટલ પર્વતની શીલા જેવું મજબૂત-કઠોર થઇ રહે છે અર્થાત નાની-મોટી મુશ્કેલીઓની અસર તેમના ચિત્ત-મન-સ્વભાવ પર પડતી નથી અને પરિસ્થિતિનો વિવેકપૂર્ણ સામનો કરે છે.'

કેટલાક લોકોનો સ્વભાવ ખૂબ ચંચળ હોય છે નાના નાના 'રોગ'ને મોટું સ્વરૂપ આપી જાતે જ દુખી થઇ ચિંતા કરે-નાની-નાની તકલીફોને મુશ્કેલીનો પહાડ સમજી હિંમત હારી જાય છે, અને સ્વભાવનું સમતુલન સાચવી નથી શકતા. ગમે તેના પર ઉશ્કેરાઇ જાય છે. ધન-સંપત્તિ મળે ત્યારે અભિમાનમાં છક્કી જાય અને વ્યસન-વાસનામાં બહેકી જાય છે. જ્યારે સંત-સજ્જન સંપત્તિમાં વિવેક રાખે છે અને વિપત્તિમાં મન શાંત રાખી હિંમત પૂર્વક સામનો કરે છે.

## સુવિચાર

- ભગવત્-પ્રેમમાં જે રસ છે તે જ્ઞાન નથી, જ્ઞાનમાં તો અખંડ આનંદ છે... પણ પ્રેમમાં અનંત આનંદ છે - *ઇશોપનીષદ*
- જ્યારે ભક્તનો એક માત્ર ઉદ્દેશ્ય પરમાત્મા પ્રાપ્તિનો થઇ જાય છે, ત્યારે તેની પાસે જે પણ સામગ્રી (વસ્તુ કે પરિસ્થિતિ) હોય તે બધી સાધનરૂપ (સાધન-સામગ્રી) થઇ જાય છે - *ધર્મસૂત્ર*
- પારમાર્થિક ઉન્નતિ કરવા વાળાની બૌદ્ધિક ઉન્નતિ આપોઆપ થાય છે - *જનકલ્યાણ*
- જબ હો સંતોષ ધન, સબ ધન ધૂલી સમાન - *કબીર*
- અનુભવ એટલે ભણતર ને ગણતર બંનેનો સમન્વય - *એસ. ભટ્ટાચાર્ય*
- સાધકની પ્રવૃત્તિ અને નિવૃત્તિ રાગ દ્વેષપૂર્વક નહી હોવી જોઇએ, પણ શાસ્ત્ર અનુસાર હોવી જોઇએ - *સાધુ વાસવાણી*
- આ 'સંસાર-સમુદ્ર'માંથી જે લેવા ચાહે છે, તે ડૂબી જાય છે અને જે આપવા ચાહે છે તે તરી જાય છે - *અમૃતબિંદુ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

ઘણીવાર જે વાત શબ્દોમાં પણ સારી રીતે અભિવ્યક્ત નથી થઇ શકતી એ માત્ર આંસુ દ્વારા સચોટ વ્યક્ત થઇ શકે છે. પ્રસંગ હર્ષનો હોય કે શોકનો 'આંસુ' હૃદયની વાત સરખી અને સાચી રીતે કહી શકે છે.

જૂની ફિલ્મ 'મહારાણા પ્રતાપ' નુ સૂટીંગ ચાલતું હતું. પૃથ્વીરાજ કપુર અવાજના નાટકના બેતાજ બાદશાહ, સંવાદના શહેનશાહ અને પ્રસંગ હતો ચેતક (ઘોડો)ના અવશાનનો ઉત્તમ ડાયરેક્ટર ગણાતા માંના એક શ્રી કેદાર શર્મા આ ફિલ્મના ડાયરેક્ટર હતા.

પૃથ્વીરાજ કપૂરને દૃશ્ય સમજાવ્યું-ઘોડો મૃત પડ્યો છે તમારે તેને ગળે બાજીને ધ્રૂસકે ધ્રૂસકે માત્ર રડવાનું જ છે. 'પૃથ્વીરાજ કહે-' આવા સમયે મને થોડાક શબ્દોનો સંવાદ આપો!'

કેદાર શર્માએ મક્કમ રહી 'ના' પાડી. કોઇ સંવાદ નહીં-માત્ર રડવાનું- ચોધાર આંસુ સિવાય કંઇ જ નહીં. આ દૃશ્ય ખુબ વખણાયું.

વર્ષો પછી પૃથ્વીરાજ કપૂરને ગળાનું કેન્સર થયું. સ્વરપેટી કાઢી લેવાઇ. બોલવાનું બંધ થયું અંતિમ સમય ચાલતો હતો. ઇશારાથી કેદાર શર્મા જે એમનાં મિત્ર પણ હતા એને બોલવવા ઇચ્છા વ્યક્ત કરી.

શબ્દોના-સંવાદના શહેનશાહને માત્ર સંકેતથી વાત કરતા જોઇ. કેદાર શર્મા, પૃથ્વીરાજની છાતી પર માથું નાખી ધ્રૂસકે ધ્રૂસકે રડ્યા. પૃથ્વીરાજ લાચાર-આભારવશ આંખે જોતા રહ્યા અને આંખ એમજ સદા માટે બિડાઇ ગઇ.

.. જાણે ચેતકના ચેતના ફરી એકવાર વિલાઇ ગઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગળથૂથીમાં કલા-કારીગરી અને કૌશલ્યના મળેલ સંસ્કાર અને કોઠા સૂઝથી તેઓએ તેઓનું સ્થાન બનાવ્યું હતું

'આ જગતમાંથી હું એકવાર પસાર થવાનો છું. તેથી જો કશી મમતા બતાવી શકું તેમ હોઉં, કે કોઇ સારૂં કામ કરી શકું તેમ હોઉં, તો લાવ અત્યારે જ કરી લઉં, કારણ કે હું અહીંથી ફરી નીકળવાનો નથી.'


ઉપરોક્ત ઉમદા વિચારોને પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યા છે એ ઉદ્યોગસિંહ રતિભાઇ હંસરાજભાઇ ગજ્જર (વાલંભીયા) ભલે સ્થૂળ દેહે તા. ૧૨-૧૧-૨૦૧૩ ના રોજ વિદાય થયાં પણ તેઓ ઉદ્યોગને હબ મજબૂત કરતા ગયાં છે. તેઓ સ્વયં એક પાઠશાળા હતા અને તેમાં તેઓએ પોતાના સંતાનોને તો પ્રતિભાવંત બનાવ્યા પણ અન્યોને પ્રતિભા બક્ષી હતી.

પિતા હંસરાજભાઇ પાસે બરાબર ઘડાયેલા સ્વ. રતિભાઇએ ૮૦ વર્ષે પુત્રો રજનીભાઇ, પ્રદીપભાઇ, ચંદ્રેશભાઇ અને સુનિલભાઇને વ્યવસાય અને વ્યવહારનું અમૂલ્ય ભાથું આપ્યું છે. રાજકોટ માદરે વતન. રાજકોટ એન્જીનીયરીંગ ઉદ્યોગમાં જેમણે સિંહનું બિરૂદ પણ મળ્યું છે અને તેઓ હબ તરીકે પણ પુરવાર થયા છે.

તેમનું ક્રિએશન, તેમની પ્રતિભા સૌમાં હંમેશા અલગ તરી આવતી હતી. અહીં એમનાં બુલંદ વ્યક્તિત્વ માટે વિકટર હ્યુગોની પંક્તિ યથાર્થ છે.

'મહાસાગર કરતાં પણ ભવ્ય એક દૃશ્ય છે અને તે આકાશનું. આકાશ કરતાં પણ એક દૃશ્ય છે અને તે આત્માના અંતર પ્રદેશનું. રતિભાઇનો આત્મા પ્રબળ અને વિચારો રચનાત્મક, ક્રાંતિકારી. તેઓ વારંવાર કહેતા : 'આપણે સાચા હોઇએ તો કોઇનાથી પણ ડરવાનું નહિ. સત્યને હંમેશા સ્વીકારવું. હંમેશા ખેલદિલથી ઝઝૂમવું.'

## સૌમાં અંતરનાં ઓજસ પાથરી ગયાં ઉદ્યોગસિંહ રતિભાઈ ગજ્જર (વાલંભિયા)



### મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ઔદ્યોગિક ક્ષેત્રે નવાં સંશોધનો દ્વારા તેમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. શૈક્ષણિક, સામાજિક અને સેવાકીય ક્ષેત્રની સેવાઓ અપ્રતીમ રહી છે. દેશમાં જ નહિ પણ વિદેશોમાં રતિભાઇ પોતાની કાબેલિયતથી લોકપ્રિય બન્યા હતા. તેમના નોંધપાત્ર સંશોધનમાં અનાજ દળવાની ઘંટી, કોદ ફોલવાનું રાઇસ હલર, ગીયર શેપર મશીને દેશ અને દુનિયામાં ડંકો વગાડ્યો છે. ૧૯૩૩ માં રતિભાઇના પિતા હંસરાજભાઇએ સ્થાયેલ સેન્ટ્રલ એન્જીનીયરીંગ વર્કસમાં યુવાન વયે જ રતિભાઇ રસ લેતા થયા હતા.

તેમના ધર્મપત્ની ઇન્દિરાબહેનનો સ્નેહ, સેવા અને સદ્‌ભાવ રતિભાઇને ભરપૂર રીતે મળ્યો હતો. ઇન્દિરાબહેન રતિભાઇ અને પરિવારના વિકાસમાં મહત્ત્વની કડી બની ને રહ્યા છે. તેમને પણ વંદના છે. રતિભાઇની કુશળ નેતૃત્વશક્તિ જોઇએ તો તેમના ડાયનેમિક આઇડિયાઝ અને સુપરવિઝન હેઠળ વિકાસશીલ સંકુલ છે.

(૧) સેન્ટ્રલ એન્જીનીયરીંગ વર્કસ (૧૯૩૩માં સ્થાપિત કંપની) (૨) સેન્ટ્રલ એન્જીનીયરીંગ એક્ષપોર્ટસ (એક્ષપોર્ટ માટે ૧૯૯૯માં સ્થાપિત કંપની) (૩) સેન્ટ્રલ એન્જીનીયરીંગ કોર્પોરેશન (૧૯૯૪માં ઉત્પાદન માટે એક્ટીવીટી ચલાવતી કંપની) અને (૪) ૧૯૯૯માં સેન્ટ્રલ ઇન્ડ્રસ્ટ્રીઝ મુખ્ય છે.

ગુજરાતી ભાષામાં વિશ્વકક્ષાએ પ્રમુખ સ્થાન ધરાવતાં સંદેશ દૈનિકે "ફર્સ્ટ પર્સન" હેડીંગ નીચે રતિભાઇ વિશે લખ્યું અને ઉચિત શ્રદ્ધાંજલિ આપી : "રતિભાઇ ભલે ઓછું ભણ્યાં પણ અઢળક ગણ્યા છે. માંડવી છૂટી પાડવા માટેનું દેશી સીંગ મશીન ટ્રેક્ટર પાછલ લગાડવામાં આવતું દેશી ટ્રેલર, ડીપવેલ મશીન, લેથ મશીન, દેશી ફ્લોર મીલ સહિતની આઇટેમો રાજકોટમાં સૌ પ્રથમ બનાવનાર રતિભાઇ ગજ્જર છે. ફક્ત મેટ્રીક પાસ રતિભાઇ રાજકોટની આલફ્રેડ હાઇસ્કૂલના વિદ્યાર્થી હતા. ૧૯૪૯ માં હાઇસ્કૂલમાં વિજ્ઞાન મેળો ભરાયો હતો ત્યારે તેમણે ૧ ફૂટ લાંબુ સાચું સ્ટીમ એન્જીન બનાવીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કોઇ પણ મશીનની રચનાની જાણકારી મેળવી લેવાનો તેમનામાં પહેલેથી જ ગુણ રહ્યો છે. ૧૯૭૯માં તેઓ ફિલિપાઇન્સ અને હોંગકોંગ તથા જાપાનના ઔદ્યોગિક પ્રવાસે ગયા હતા. જ્યાં અમેરિકન એન્જીનીયરોને ભારતીય બનાવટમનાં ઓઇલ એન્જીનની સમજ આપવા તેમને દસ જેટલા સેમિનારોમાં પોતાના ઇન્ડીજીનીયસ ટેકનિકલનો લેજથી ત્યાંના એન્જીનીયરોને પ્રભાવિત કર્યાં હતા?"

તેમનું સામાજિક ઉત્તર દાઇત્વ નાનું સૂનું નથી. સિટીઝન્સ કો. ઓપરેટીવ બેંકના બેઇઝીક પ્રમોટર પદે રહ્યા હતા. વિશ્વ કર્મા સંકટ નિવારણ વિદ્યા પ્રચારક મંડળના પ્રમુખ પદે રહી સુતાર જ્ઞાતિનાં ગામડાનાં બાળકો માટે રાજકોટમાં ભણવા માટેની વ્યવસ્થાનું બીડું ઝડપેલું. વિદ્યાર્થી માટે રહેવા તથા જમવાની વ્યવસ્થા બોર્ડિંગમાં ઉપલબ્ધ કરાવાઇ હતી. તેઓએ રાજકોટ એન્જી. એસો.ના ટ્રેઝરર પદે પણ દસ વર્ષ સુધી લાગલગાટ સેવાઓ આપી હતી. રાજકોટ લઘુ ઉદ્યોગ સહકારી મંડળીની પરિકલ્પના પણ સાકાર કરી બતાવી હતી.

વર્ષ ૨૦૦૮માં તેઓને આઉટસ્ટેન્ડીંગ એચિવમેન્ટ ઇન બિઝનેશ એક્સીલન્સ અને ક્વોલિટી એચિવમેન્ટ્સ બદલ ઉદ્યોગ ભારતી એવોર્ડથી સન્માનાયા હતા. ગળથૂથીમાં કલા-કારીગરી અને કૌશલ્યના મળેલ સંસ્કાર અને કોઠા સૂઝથી તેઓએ તેઓનું સ્થાન બનાવ્યું હતું.

રતિભાઇ રાજકોટના ફાઉન્ડ્રી ઉદ્યોગના પણ પ્રણેતા હતા. ફાઉન્ડ્રી એસોસીએશનમાં ૧૯૭૫થી હોદ્દા ઉપર હતા. દેશભરના અખબારોના સાદા પ્રિન્ટીંગ પ્રેસને ઓફસેટમાં રૂપાંતર કર્યા હતા. દેશભરમાં જે તે શહેરમાં જઇને અખબારી પ્રિન્ટીંગ ઉદ્યોગને આધુનિકતાનું રૂપ આપ્યું હતું. ઉદ્યોગ જ્ઞાન અર્થે અને વ્યવસાયના વધુને વધુ વિકાસ માટે જાપાન, તાઇવાન, સિંગાપોર, થાઇલેન્ટ, ફિલીપાઇન્સ અને હોંગકોંગ જેવા પ્રદેશોમાં ખૂબ ફર્યા હતા અને "ફરે તે ચરે બાંધ્યે ભૂખે મરે" કહેવતને સાર્થક કરી હતી.

સામાજિક કુરૂઢિઓનું ખંડન પણ તેમને કહ્યું છે. તેમના કાકી સવિતાબહેનના અવસાન વખતે મહિલાઓને સ્મશાનમાં આવવા સંમતિ આપેલી. ત્રીસ વર્ષ પહેલાં ચાલતી મામેરા પ્રથા પરિવારમાં બંધ કરાવી હતી. તેઓ દેખાવો કરવામાં કે દંભ કરવામાં જરાય માનતા નહોતા.

અહીં એક એમનાં વ્યક્તિત્વને પોંખતું સુભાષિત પ્રસ્તુત છે.

જાહોજલાલી એની નથી નાશ પામતી,
જેનું દિલ છે અમીર ફકીરી લીબાસ છે.

લીબાસ સીધો સાદો પણ દિલની અમીરાત તો રતીભાઇની જ હતી. માનવીના ઉજ્જવળ વિકાસમાં શિસ્તનું મહત્ત્વ ઘણું છે. લગભગ મૃત્યુપર્યંત સુધી શરીર સૌષ્ઠવ જાળવી રાખનારા રતિભાઇ રાજકોટની બજરંગ વ્યાયામ શાળામાં હોનહાર વિદ્યાર્થી હતા.

આઠ દાયકાની તેમની જીવનસફર ખરા અર્થમાં સફળ થઇ છે તેમ કહીએ તો પણ અતિશ્યોકિત નથી. તેમની આત્મકથાના રંગો, ઉતાવ-ચઢાવ, સિદ્ધિ-પ્રસિદ્ધિ આજના સમયના તરવરિયા યુવાનો માટે સફળતા મેળવવા માટેની જડીબુટ્ટી પુરાવાર થશે તેમાં કોઇ શંકા નથી. યુવાનોએ ધીરજ રાખી ક્ષણેક્ષણનો ઉપયોગ કરી રતિભાઇને રોલ મોડલ બનાવી આગળ વધવું જોઇએ.


કોમ્પ્યુટર યુગ વિષે પ્રતિભાવ આપતા તેમણે કહ્યું હતું કે, "ડેવલપમેન્ટ માટે કોમ્પ્યુટર યોગ્ય જ છે. પરિવર્તન કોઇ પણ ક્ષેત્રે હોય પણ તેને હંમેશા આવકારવું જ પડે? દીર્ઘદૃષ્ટા, સમાજસેવી, સફળ ઉદ્યોગપુરૂષ, પ્રતિભાશાળી વ્યક્તિત્વના માલિક સ્વ. રતિભાઇ સ્થૂળ દેહે આપણી સાથે નથી પણ સૂક્ષ્મ સ્વરૂપે હરહંમેશા સાથે રહેશ`તેવી પ્રતીતિ સાથે તેમને વંદના છે."

# સાચો પ્રેમ ત્યાગ અને બલિદાન માગે છે

આજે વિશ્વને જરૂર છે પ્રેમની સાચા પ્રેમની નહિ કે શાસ્ત્રોની! આજે આપણે વિનાશક શસ્ત્રોની દોડમાં આ 'પ્રેમ'નું અમોઘ શસ્ત્ર વીસરી ગયા છીએ. આપણે 'શાંતિ'ને ખોળવા આમ-તેમ ફાંફાં મારીએ છીએ! મૃગની નાભિમાં જ કસ્તૂરી હોવા છતાં મૃગ કસ્તૂરી માટે અન્યત્ર દોડાદોડ કરે છે. તેવી જ રીતે માનવી પણ ખરી શાંતિ આપણાં હૃદયમાં જ 'પ્રેમ-સ્વરૂપે' પડી હોવા છતાં શાંતિ મેળવવા આ સંસારમાં આમતેમ દોડાદોડ કરીએ છીએ.

પ્રેમ એ જીવનનું અદ્‌ભૂત રસાયણ છે, મધુર ટહુકો છે, મંદિરનો ઘંટારવ છે, યુદ્ધનો શંખનાદ છે, હૈયાનો થનગનાટ છે, હૈયાની સુવાસ છે.

આજે સ્વાર્થલોલુપતાના યુગમાં સાચો અને નિઃસ્વાર્થ પ્રેમ મળવો ખુબ મુશ્કેલ છે. ભારતીય સંસ્કૃતિમાં ગૌરવરૂપ ગણાતા સંબંધો જેવા કે માતા-પુત્ર, ભાઇ-બહેન, પતિ-પત્ની, ગુર-શિષ્ય, ભાઇ-બહેન કે બહેન-બહેન વચ્ચેના સંબંધોમાં આજે સ્વાર્થની દુર્ગંધ આવે છે. એકબીજા વચ્ચેના સંબંધો પ્રેમ-નીતર્યા હોવાના બદલે પૂરેપૂરા સ્વાર્થી બની ગયેલા જોવા મળે છે! પ્રેમે આજે ગણિતનું સ્વરૂપ ધારણ કરી લીધુ છે! તમામ સંબંધો ગણતરીપૂર્વકના હોય તેવા જણાય છે. એકબીજાને ચાહવાનો કે પ્રેમ કરવાનો ઢોંગ પણ નાટકીય ઢબે થતો જોવા મળે છે!




### પોઝિટિવ થિન્કિંગ

યશવંત કડીકર

પ્રેમ વગરની જિંદગી સુગંધ વગરનાં ફૂલ, ફળ-ફૂલ વગરનાં વૃક્ષ, ચાંદની વગરનો ચાંદ કે કલર વગરનાં પંખી જેવી છે.

પ્રેમ એટલે વાસના નહિ, દંભ કે સ્વાર્ત નહિં; પ્રેમ એ તો ખુલ્લા આકાશ જેવો, ઘૂઘવતા સમંદર જેવો અગાધ અને ધરતીની ભીનાશ જેવો વિશાળ અને પારદર્શક હોવો જોઇએ. વહેલી સવારે ફૂલ-પાંદડી ઉપર જામેલ ઝાકળબિંદુ જેવો મુલાયમ અને પારદર્શક તે હોવો જોઇએ.




પ્રેમ એટલે એકબીજા પ્રત્યે સારી ભાવના રાખવી. પ્રેમ એટલે લાગણીનો, સ્પંદનોનો ફુવારો! માત્ર કોઇને ચાહવું એ સીમિત પ્રેમ છે, પરંતુ આ સૃષ્ટિતનાં તમામ રચનાઓ પ્રત્યે અહોભાવ રાખવો, અહોભાવ પ્રગટાવવો, આત્મીયતા દાખવવી એ જ ખરો પ્રેમ છે. દિવ્ય પ્રેમની અનુભૂતિ એ જ સચ્ચિદાનંદ છે, ચિરશાંતિ છે. સાચો પ્રેમ ત્યાગ માગે છે, બલિદાન માગે છે. સમર્પણની ભાવનાવાળો જ સાચો પ્રેમી બની શકે છે. ત્યાગ અને બલિદાનની ધરતી ઉપર જ પ્રેમનું પુષ્પ ખીલી શકે છે, પછી એ પ્રેમ દેશ પ્રત્યેનો હોય, ઇશ્વર પ્રત્યેનો હોય, કોઇ વ્યક્તિ પ્રત્યેનો હોય કે સંસારની કોઇ લીલા પ્રત્યેનો હોય!

આજે આપણો ભોગપ્રદાન બની ગયા છીએ. આપણને બગીચામાં લહેરાતા ફળ-ફૂલના સૌંદર્યને નિહાળવામાં રસ નથી, પરંતુ એ હાસ્ય વેરતાં ફૂલને આપણા ડ્રોઇંગરૂપ કે બેડરૂમમાં ગોંધી રાખવામાં રસ છે! ફૂલને તોડવામાં, તેને આપણા કબ્જામાં રાખવા આપણે સતત પ્રપત્નશીલ રહીએ છીએ, ત્યારે અલ્લડ મોજમસ્તીમાં મહાલતા કૌમુદીના સૌંદર્યને કેવી રીતે પામી શકીએ, હેં! સાચા પ્રેમની અનુભૂતિ કેવી રીતે થાય? પ્રેમ એ સંગ્રહવાની વસ્તુ નથી! પ્રેમ એ કુદરતે બક્ષેલી અણમોલ બક્ષિસ છે, ભેટ છે, મોતી છે, જેનો ઉપયોગ માનવજગતે સચ્ચિદાનંદ માટે, શાંતિ માટે કરવાનો છે. તમો દરેકને સાચા મનની ચાહો... દરેક વ્યક્તિ અવશ્ય તમને એ જ રીતે ચાહશે. પ્રેમ ચિરંજીવ છે, અમર છે.

# બીજાની નિંદામાં અહંકારની તૃપ્તિ

### વિચાર યાત્રા

- ડો. જય ઓઝા

ધર્મમાં કહ્યું છે કે મન, વચન અને કર્મથી કોઈને દુઃખ ન પહોંચાડવું. કોઈનું અપમાન થાય, મન દુભાય કે કોઈની કશી માનહાનિ થાય તેવું કશું કરવું નહીં. આમ છતાં જીવન અને વહેવારમાં મોટા ભાગના માણસો જાણ્યે- અજાણ્યે એકબીજાના દિલને દુભાવતા હોય છે. ટીકા અને નિંદામાં રાચ્યા કરતા હોય છે.

માણસ બીજાની સામે આંગળી ચીંધે છે ત્યારે બીજી બધી આંગળીઓ પોતાના તરફ તકાયેલી હોય છે. કોઈનું ખરાબ બોલીએ, નિંદા કરીએ ત્યારે પ્રથમ નિરીક્ષણ કરવું જોઈએ કે હું કેવો છું. મારામાં આ દોષો અને અવગુણો તો નથીને? અન્યનું એક વાંકું આપના અઢારેઅઢાર વાંકાં જેવો ઘાટ ઘડાતો હોય છે. આ જગતમાં કોઈ સર્વગુણસંપન્ન નથી. દરેક માણસમાં ગુણ-દોષ રહેલા છે. માણસે સારૂં જોવું, સારૂં બોલવું અને સારૂં સાંભળવું જોઈએ. બીજાના દોષો જોવા કરતાં ગુણો તરફ નજર કરવી જોઈએ. માણસ ગુણાનુરાગી બને તો તેને કશું ખરાબ દેખાય નહીં, પણ માણસનો સ્વભાવ છે ગુણો પોતાના જુએ છે અને દોષ બીજાના.

ટીકા અને નિંદામાં ફરક છે. ટીકામાં શુભ ઈરાદો પણ હોય છે. સામા માણસના ભલા માટે, તેને ટપારવા માટે, તેને સુધારવા માટે કેટલીક વખત આકરૂં બોલવું પડે છે, પણ આમાં તમારો ઈરાદો શું છે તેના પર બધો આધાર છે. અને આમાં તમે ભાષાનો, શબ્દોનો કઈ રીતે ઉપયોગ કરો છો તે પણ મહત્ત્વનું છે. કેટલીક વખત સામા માણસને માઠું ન લાગે તે રીતે તેની ત્રુટિઓ તરફ ધ્યાન ખેંચી શકાય છે. નિંદાનું શાસ્ત્ર સાવ અલગ છે. તે માણસની ગેરહાજરીમાં થતી હોય છે. આલોચના અને ટીકામાં પણ જો અતિરેક થાય તો તે નિંદા બની જાય છે. આલોચનામાં કરુણા હોય છે. સારાની ભાવના હોય છે. નિંદામાં ઘૃણા અને તિરસ્કાર હોય છે. ટીકા માણસને જાગૃત કરવા માટે થતી હોય છે, નિંદા માણસને પાછો પાડવા, મિટાવવા માટે થતી હોય છે. ટીકા અને આલોચનામાં સત્ય રહેલું છે, નિંદામાં જૂઠ. આલોચના મૈત્રીપૂર્ણ છે. ભલે તે ગમે તેટલી કઠોર હોય પણ તેમાં સામા માણસનું સારૂં કરવાનો ભાવ રહેલો છે. નિંદા ગમે તેટલી મીઠી મધુર હોય પણ તેમાં ઝેર રહેલું છે.

**કોઈ સર્વગુણ સંપન્ન નથી, દરેકમાં સારાં-નરસાં તત્ત્વો રહેલાં છે, પણ માણસનો સ્વભાવ છે ગુણો પોતાના અને દોષ બીજાના જુએ છે, આપણે બીજા કરતાં સારા છીએ એ સાબિત કરવાનું મુશ્કેલ છે, એટલે બીજાને ખરાબ ચીતરીને આવો અહેસાસ અનુભવી શકાય છે**

અહંકારની ઈર્ષ્યાની ભાવનામાંથી નિંદા પ્રગટે છે. બીજાનું આપણે સારૂં જોઈ શકતા નથી એટલે તેમની નબળી બાજુને શોધવાનું મન થાય છે. હું તમારા કરતાં સારો છું, મોટો છું એ વાત સાબિત કરવાનું બહુ મુશ્કેલ છે, કારણ કે બધા લોકો આ વાતને સિદ્ધ કરવામાં લાગેલા છે. દરેક માણસનું લક્ષ્ય છે તે બીજા કરતાં સારો છે, ડાહ્યો છે, હોશિયાર છે, સમજદાર છે તે પુરવાર કરવાનું. માણસ પોતાની વાતચીતમાં, વર્તનમાં, દેખાવમાં આ બધા પ્રયાસો કરતો હોય છે. સારા હોવું અને સારા દેખાવું એ બંનેમાં ફરક છે. આ જગતમાં એકથી એક ચડિયાતા માણસો છે. દરેક જગ્યાએ શેરની માથે સવા શેર છે. આ બધામાં બીજા કરતાં હું સારો છું એ સિદ્ધ કરવાનું મુશ્કેલ છે, પરંતુ બીજાના દોષો, નબળાઈઓ આગળ કરીને આપણે તેના કરતાં સારા છીએ એવું મનને મનાવવાનું સરળ છે. આપણે ગમે તેવા મોટા માણસોની નિંદા કરી શકીએ છીએ. કોઈનું સારૂં બોલશો તો કોઈ વધારે વખત સાંભળી નહીં શકે, પરંતુ કોઈનું વાંકું બોલશો તો લોકો કાન દઈને સાંભળશે.

એક ગામમાં એક માણસ રહેતો હતો. તેની વાત કોઈ સાંભળતું નહીં. લોકો તેને મૂર્ખ માનતા હતા. તે જે કાંઈ કહે તેને હસી કાઢતા હતા. કોઈ તેની વાતને ગંભીરતાથી લેતું નહોતું. આ માણસ પોતાની ઉપેક્ષાથી કંટાળી ગયો હતો.

ગામમાં એક ફકીરનું આગમન થયું. તેણે આ ફકીરનાં ચરણો પકડયાં અને કહ્યું, મને આમાંથી બચાવો. લોકો મને મૂર્ખ કહે છે. હું સારી વાતો કરૂં છું પણ તેઓ સાંભળવા તૈયાર નથી. લોકો મારૂં મહત્ત્વ સમજે એવું કાંઈક કરો.

ફકીરે કહ્યું, લોકો તારા તરફ ધ્યાન કેમ આપે તું સારી અને ડાહી વાતો કરી રહ્યો છે. કોઈની સારી વાત સાંભળવાની કોને ફુરસદ છે? આ માટે લોકોને સમય નથી. તું એક કામ કર, સારૂં બોલવાનું છોડી દે. લોકોનું વાંકું બોલવાનું, તેમની નિંદા કરવાનું શરૂ કરી દે. અહીંની વાત ત્યાં કર અને ત્યાંની વાત અહીં કરતો રહે. થોડું મીઠું-મરચું ભભરાવતો રહે. લોકો તને સામેથી બોલાવશે.

આ માણસે જે હાજર ન હોય તેના અંગે નિંદા કરવાનું અને તેમની ખાનગી વાતો કહેવાનું શરૂ કરી દીધું. લોકો હવે કાન સરવા કરીને સાંભળવા લાગ્યા. નિંદામાં કોને રસ ન હોય?

લોકો હવે આ માણસને સામેથી બોલાવવા લાગ્યા, કારણ તે તેની પાસેથી ગામની બે-ચાર નવી વાતો સાંભળવા મળતી. કોની સ્ત્રી ભાગી ગઈ, કોણ દારૂડિયો અને જુગારી છે, કોણ પૈસેટકે ખુવાર થઈ ગયો છે, કોણે બેઈમાની અને કાળા ધંધા કરીને પૈસા બનાવ્યા છે, કોણે બીજી સ્ત્રીને ઘરમાં બેસાડી છે, કોનું પ્રેમપ્રકરણ ચાલી રહ્યું છે. આવી બધી મસાલેદાર વાતો સાંભળવા માટે લોકો તેની આસપાસ ફરવા લાગ્યા. તેનાં માનપાન વધી ગયાં. તે આડુંઅવળું કેટલીક વખત ન સમજાય એવું મભમ બોલતો. લોકો તેને બુદ્ધિમાન સમજવા લાગ્યા. તેની વાતમાંથી તાગ કાઢવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

લોકો નિંદામાં ભારે કુશળ હોય છે. જલદીથી ખબર ન પડે તે રીતે ચતુરાઈથી બીજાનું ઘસાતું બોલીને પોતાની બડાઈ હાંકી લેતા હોય છે. નિંદાનો રસ એવો છે એમાં થોડાથી કોઈને તૃપ્તિ થતી નથી. એટલે જાતજાતના પ્રશ્નો કરીને, આશ્ચર્ય વ્યક્ત કરીને, પોતાનો અભિપ્રાય આપીને વાતના ડાણમાં જવાનો પ્રયાસ કરતા હોય છે. સારા કહેવાતા માણસો ભલે મોઢેથી કશું બોલે નહીં, પણ ધ્યાન દઈને સાંભળી લેતા હોય છે. કેટલાક માણસોને આવું બધું સાંભળ્યા પછી વાત પેટમાં ટકતી નથી અને તેઓ આ વાત થોડી ઉમેરીને બીજાને કહેવા આતુર હોય છે. આમ નિંદાનો દોર અવિરતપણે ચાલ્યા કરે છે. જે લોકો બીજાની નિંદા કરે છે તેઓ પાછળથી આપણી પણ કરી શકે છે તેવો ખ્યાલ કોઈને આવતો નથી. જે લોકો કોઈની ગેરહાજરીમાં તેનું ખરાબ બોલી શકે છે તો તમારૂં પણ તેમ બોલી શકે છે. નિંદા પારકા લોકોની થાય છે એવું નથી, ઘરમાં પણ આવું થતું હોય છે.

નિંદામાં પણ લોકો સારા થવાના પ્રયાસો કરતા હોય છે. બીજાનું પાંચ-દશ મિનિટ વાટ્યા પછી અને મનનો ભરો ઠાલવ્યા પછી કહેશે જવા દોને , આપણે બીજાની વાત કરીને શા માટે પાપમાં પડવું. એનાં કર્યા એ ભોગવશે. ઉપરવાળો તો બધું જોઈ રહ્યો છે.

નિંદાનો રસ અદ્‌ભૂત છે. સામા માણસ પ્રત્યે સહાનુભૂતિ બતાવીને, તેને પંપાળી- પંપાળીને આની મજા લેવામાં આવે છે. કોઈ માણસ મુશ્કેલીમાં મુકાયો હોય, દુઃખ આવી પડ્યું હોય, માનહાનિ થઈ હોય ત્યારે લોકો તેમના પ્રત્યે ખોટી સહાનુભૂતિ વ્યક્ત કરીને તેમનું મન ખોતરતા હોય છે. તમે તો કોઈનું ખરાબ કર્યુ નથી, તમને આમ કેમ થાય એવો મલાવો કરીને સામા માણસની વાતને જાણવાનો પ્રયાસ થતો હોય છે. આવી અંદરની વાત જાણવા લોકો બહુ ઉત્સુક હોય છે. દુઃખમાં પડેલો માણસ કોઈ જરાક સધિયારો આપે તો મનની વાત કહી દેતો હોય છે. પણ લોકો તેનો ગેરલાભ ઉઠાવે છે. આપણા દુઃખની વાત ખોટા માણસને કહેવી નહીં. તે અંદરખાને રાજી થશે અને બીજા બે માણસને કહીને આપણને વધુ દુઃખ પહોંચાડશે. કારણ વગર જે વધારે પડતી સહાનુભૂતિ બતાવે તેનાથી ચેતતા રહેવામાં ડહાપણ છે.

માણસને બીજી કોઈ રીતે નાનો બનાવી શકાતો નથી એટલે નિંદા કરીને તેને નાનો અને હલકો ચીતરવામાં આવે છે. તેમાં નવા રંગો પુરાતા રહે છે. જે માણસ આપણા કરતાં મોટો હોય, શ્રીમંત હોય, શક્તિશાળી હોય, ઊંચા આસને બિરાજતો હોય અને આપણી નજીક હોય તેની આપણે નિંદા કરીએ છીએ. જે આપણાથી નાનો છે તેની ટીકા અને નિંદા કરવામાં એટલો આનંદ આવતો નથી. જે માણસ આપણા કરતાં નાનો છે એને વધુ નાનો બનાવીને શું ફાયદો? તેમાં અહંકારની તૃપ્તિ ક્યાં? કોઈ ભિખારી કેળાની છાલ પર પગ મૂકીને લસરી જાય તો એટલી મજા નહીં આવે, પરંતુ કોઈ શેઠ નીચે ગબડી પડશે તો તે જોવાની મજા આવશે. મોટા માણસોની

(અનુસંધાન પાના નં. ૬ પર)